ગાંધીનગર સમાચાર

સંસ્કૃતિકુંજમાં યુવાનોને સેલ્ફીનો ક્રેઝ

@ગાંધીનગર

● સેકટર-૩-ન્યુ ખાતેના નવરાત્રી ચોકમાં શ્રીમદ્ ભાગવત કથાના પ્રારંભ નિમિત્તે બપોરે ૩.૧૫ કલાકે પોથીયાત્રા યોજાશે.

● વલ્લભ મેમોરીયલ ટ્રસ્ટ દ્વારા મંગળવારના રોજ ૨૪મા પાટોત્સવનું વ્રજલાલ બેટીજી મહોદયાની અધ્યક્ષતામાં સે-૨૧ હવેલી મંદિર ખાતે શ્રીનાથજીપ્રભુનો પાટોત્સવ, તિલક દર્શન ભીતરમાં, રાજભોગ ૧૧.૩૦ કલાકે અને ફુલફાગનો મનોરથ સાંજે ૭.૦૦ કલાકે યોજાશે.

- નજાહખાનમ સૈયદ

ગાયત્રી મંદિર ખાતે નિ:શુલ્ક યોગ ધ્યાન શિબિર યોજાશે

ગાંધીનગર, તા.૨૯

દિવ્ય જીવન સંઘ ગાંધીનગર તથા શ્રી ગાયત્રી શકિતપીઠ દ્વારા તા. ૧લી માર્ચથી ૧૦મી માર્ચ સુધી શ્રી ગાયત્રી શકિતપીઠ સેકટર-૧ ખાતે સવારે સાતથી સવા આઠ સુધી યોગ-ધ્યાન શિબિર યોજાશે. યોગાસન, પ્રાણાયામ, ધ્યાન ઉપરાંત યોગ દ્વારા તણાવ નિયંત્રણ, વિવિધ બિમારીઓના ઉપચાર માટે પ્રશિક્ષણ અપાશે. આ અંગે ૯૮૨૪૦ ૫૧૧૮૭નો સંપર્ક સાધવા જણાવાયું છે.

પંચદેવ મંદિરના ૪૯મા પાટોત્સવ નિમિત્તે આજે ભજન સંધ્યા

ગાંધીનગર, તા.૨૯

સેકટર-૨૨ ખાતના પંચદેવ મંદિરનો ૪૯મા પાટોત્સવ નિમિત્તે પહેલી માર્ચના રોજ સત્સંગ હોલમાં શ્રી સત્ય સાંઈ સેવા સંગઠન દ્વારા ભજન સંધ્યાનો કાર્યક્રમ સાંજે સાડા સાતથી સાડા આઠ સુધી રાખેલ છે. મેનેજીંગ ટ્રસ્ટીશ્રી અમીતભાઈ શેઠ તથા ટ્રસ્ટી મંડળે ભજન સંધ્યાનો લાભ લેવા જણાવેલ છે.

દેશમાં ભાગલાવાદી પ્રવૃત્તિઓ સુનિયોજિત રીતે કરવામાં આવશે

ગાંધીનગર, તા.૨૯

અખિલ ભારતીય જનસંઘના પ્રદેશ મહામંત્રીશ્રી બિહારીલાલ શર્માએ નિવેદનમાં જણાવ્યું છે કે તાજેતરમાં જવાહરલાલ નહેરૂ યુનિવર્સિટીમાં દેશ વિરોધી તત્વોએ પાક. તરફી અને ભારત વિરોધી નારાઓ તેમજ અફઝલગુરૂના સમર્થનમાં સૂત્રો પોકારી હિન કૃત્ય કરેલ છે તેને જનસંઘ વખોડી કાઢે છે. કેટલીક દિશાહીન રાજકીય પક્ષોના ઈશારેથી વિદ્યાર્થીઓને ગુમરાહ કરવામાં આવી રહ્યા છે. આવા દેશદ્રોહી સામે કડક પગલા લેવા માંગણી કરેલ છે. દેશદ્રોહનો કેસ ચલાવવો જોઈએ. ૧૨૫ કરોડની પ્રજા આવા દેશ વિરોધી તત્વોને સાંખી લેશે નહિ તેમ જણાવેલ છે.

શહેરમાં સાયન્સ સ્પિકસ સેમિનાર

સમાજ હજુ પણ વિજ્ઞાન સમક્ષ મીટ માંડી બેઠો છે

ગાંધીનગર, તા.૨૯

'વિજ્ઞાન અને માણસના મન વચ્ચે કેટલીક માળખાકીય ખામીઓ છે. આપણા દેશમાં દરેક વસ્તુનો અતિરેક જોવા મળે છે, હકીકતમાં વધારે પડતું અમૃત પણ ઝેર સમાન હોય છે. દરેક બાબત સપ્રમાણ હોવી આવશ્યક છે.' આ શબ્દો છે ગાંધીનગરના મહેમાન બનેલા ઈન્ડિયન કેમિકલ સોસાયટીના પૂર્વ પ્રમુખ પ્રો. એસ.સી. અમેટાના. તા. ૨૮મી ફેબ્રુઆરીએ 'રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ'ની ઉજવણીના અન્વયે સે-૩૦માં કેન્દ્રિય યુનિવર્સિટી ખાતે પધારેલા પ્રો. એસ.સી. અમેટાએ ગાંધીનગર સમાચાર સાથે વાતચીતમાં જણાવ્યું હતું કે 'કેમિકલ સાયન્સ ક્ષેત્રે ભારતના યુવાનો માટે વિશાળ તકો રહેલી છે.'

ગાંધીનગરના સે-૩૦માં સેન્ટ્રલ યુનિવર્સિટી ખાતે ભારતના મહાન વિજ્ઞાની ડૉ.સી.વી. રામનને રામ કિરણોની શોધ બદલ નોબેલ પ્રાઈઝ મળ્યું હતું. તેની યાદમાં ઉજવાતા રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઈન્ડિયન કેમિકલ

સોસાયટીના પૂર્વ ચેરમેન અને સંશોધક પ્રો.એસ.સી. અમેટા ખાસ જયપુરથી પધાર્યા હતા. આ ઉપરાંત આ પ્રસંગે સેન્ટ્રલ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર પ્રો. એસ.એ. બારી પણ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે કહ્યું હતું કે 'આ પ્રકારના કાર્યક્રમો યુવા માનસને વિજ્ઞાન ક્ષેત્રે આંતરશિસ્ત દ્વારા સમાજને યોગ્યદિશા પ્રેરિક કરવા બાબતે ખૂબ પ્રોત્સાહિત કરે છે. લેબોરેટરી રિસર્ચ દ્વારા શકય હોય તેટલી રીતે સમાજને મદદરૂપ થવાનો અભિગમ ખૂબ જ લાભદાયી છે. સમાજ હજુ પણ વિજ્ઞાન સમક્ષ મીટ માંડીને બેઠો છે.'

'સાયન્સ સ્પિકસ' શિર્ષક હેઠળ યોજાયેલા રષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણીના આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ખુબ જ ઉત્સાહપૂર્વક મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. આ પ્રસંગે આયોજક સમિતિના કો-ઓર્ડિનેટર અને યુનિવર્સિટીના એસસીએસ વિભાગના ડીન પ્રો. માનસિંઘે મહેમાનોને આવકાર્યા હતા. આ સેમિનારમાં વિજ્ઞાન અને ટેકનોલોજી સમાજને કેવી રીતે ઉપયોગી બની શકે તે અંગે વિવિધ ડિબેટ અને વકતવ્યો યોજાયા હતા. આ કાર્યક્રમમાં એસએલએસના ડીન પ્રો. જે.પી.એન. મિશ્રા, એસઈએસડીના ડૉ. રાજેશ સિંઘ, એસએલએસના ડૉ. ઉમેશ યાદવ સહિતના વકતાઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને મહાન વિજ્ઞાની ડૉ. સી.વી. રામનના જીવન અને તેમની શોધખોળો આધારિત એક ડોકયુમેન્ટ્રી ફિલ્મ પણ દર્શાવવામાં આવી હતી. આ ઉપરાંત સેમિનારના અંતિમ ચરણમાં પોસ્ટર પ્રેઝન્ટેશન, ડિબેટ, કવીઝ તથા વિજ્ઞાન પરના નાટકો સહિતના કાર્યક્રમો યોજાયા હતા. આ પ્રસંગે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો પણ યોજવામાં આવ્યા હતા.

સ્પર્ધામાં વિજેતા વિદ્યાર્થીઓને સન્માનવામાં આવ્યા

સેન્ટ્રલ યુનિવર્સિટી ખાતે યોજાયલ રાષ્ટ્રીય વિજ્ઞાનદિવસની ઉજવણી અન્વયે યોજવામાં આવેલ વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે પોસ્ટર પ્રેઝન્ટેશન, ડિબેટ, કવીઝ વગેરેમાં યુનિવર્સિટીના ૫૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં પોસ્ટર પ્રેઝન્ટેશનમાં સ્કુલ ઓફ કેમિકલ સાયન્સના અનુ મન્હાસ અને વિજયુકમાર, ડિબેટમાં સ્કુલ ઓફ લાઈફ સાયન્સના હિરલ રાઠેર, કવીઝ સ્પર્ધામાં સ્કૂલ ઓફ કેમિકલ સાયન્સના અભિષેક ચંદ્રા અને રેનુ કુમારી તથા સેન્ટર ફોર નેનો સાયન્સના શિવાની પંડયા વિજેતા બન્યા હતા. તમામ વિજેતાઓને ઈનામો તથા પ્રમાણપત્રો આપી સન્માનવામાં આવ્યા હતા. આ સાથે રોજીંદા જીવનમાં વિજ્ઞાન પ્રત્યે જાગૃતિ ફેલાવવાના ઉદ્દેશથી પ્રસ્તુત કરાયેલ ગીત માટે સ્કૂલ ઓફ કેમિકલ સાયન્સના માયુખ બેનર્જી, વકતવ્ય માટે સેન્ટર ફોર નેનો સાયન્સના નિયા ચાવડા તથા 'લાઈફ ઓફ ધ રિસર્ચર' નાટક પ્રસ્તુત કરનાર કલાકારો નિત્યા ચાવડા, સુપ્રિયા નાયડુ, પૂનમ જૈન, હીના બડગુજર, અમિશા કુશવાહા, ગજેન્દ્રસિંહ, સાંઈ ભાર્ગવ, મોહિત સેંજાલિયા અને રાજલક્ષ્મી ચેટ્ટીને પણ સન્માનવામાં આવ્યા હતા.

વાતવાતમાં

● 'હેલ્મેટ ડ્રાઈવ'ને આગળ વધારતા પોલીસે હવે શૈક્ષણિક સંસ્તાઓને નિશાના પર લીધી છે. સે-૧ પની સરકારી કોલેજ ખાતેથી પોલીસે ૪૦ જેટલા વિદ્યાર્થીઓ ઉપરાંત કેટલાક પ્રાધ્યાપકોને પણ દંડયા હતા.

● ઈન્ફોસીટી વિસ્તારમાં ધીરુભાઈ અંબાણી ઈન્સ્ટિટયુટ ખાતે યોજાયેલ એક કાર્યક્રમમાં સુપ્રસિધ્ધ બોલીવુડ ગાયક કે.કે. એ ભારે રંગ જમાવ્યો હતો. આ કાર્યક્રમના સ્ટેજ નજીક જ ફુડકોર્ટ હોવીથી કે.કે.એ 'આ સુગંધ કયાંથી આવે છે?' કહી પોતાને ઢોકળા થેપલા ખૂબ બાવે છે તે કબૂલ્યું હતું.

● સિવિલ હોસ્પિટલમાં એકસ રે વિભાગ અને ગાયનેક વિભાગમાં દર્દીઓની ભીડ વધી જવા પામી હતી. આ સમયે કેટલાક તબીબોએ પોતાના ઓળખીતા પાળખીતા દર્દીઓને પહેલા અંદર બોલાવતા ભારે હોબાળો થવા પામ્યો હતો.

● સે-૩-ડી ખાતેના રામેશ્વર મહાદેવના મંદિરે મહા શિવરાત્રીની ઉજવણી દરમિયાન બરફનું શિવલીંગ બનાવવામાં આવનાર છે. શહેરના અન્ય મંદિરોમાં પણ મહા શિવરાત્રીની ઉજવણીની તૈયારીઓ ચાલુ કરી દેવાઈ છે.

● રવિવારે તલાટીની પરીક્ષા આપવા ઘરેથી નિકળેલ છાલા ગામનો યુવાન બે દિવસ સુધી ઘરે પરત ન ફરતા કુટુંબીજનો ચિંતિત બન્યા હતા. અંતે પોલીસને આ બાબતે જાણ કરાતા શોધખોળ હાથ ધરાઈ હતી. જેમાં આ યુવાન માઉન્ટ આબુ ખાતેથી મળી આવતા સ્નેહીજનોને હાશકારો થયો હતો.

- સમીર રામી,
મો. ૯૯૨૪૪૪૬૬૪૫

આર.એન. લલિતકલા એકેડેમીનો વાર્ષિકોત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા.૨૯

આર.એન. લલિતકલા એકેડેમીના રંગારંગ વાર્ષિકોત્સવની ઉજવણી સંસ્થાના શેઠ શ્રી ખીમજ વિસરામ એન્ડ સન્સ સંસ્કાર ભવન ખાતે દબદબાભેર કરાઈ હતી. જેમાં કેજીથી કોલેજ સુધીના બાલ કલાકારો અને યુવા કલાકારો દ્વારા સુર, તાલ, લય સાથે પ્રાર્થના, ગણેશ વંદના, ભરતનાટયમ, કથક, વેસ્ટર્ન ડાન્સ, ફેશન શો, ફયુઝન, શાસ્ત્રીય ગાયન-વાદન, કરાટે, સ્કેટીંગ સહિતની ૧૫ થી વધુ કૃતિઓ રજૂ કરી હતી. આ રંગારંગ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા તેમજ સારો દેખાવ કરનાર તમામ તાલીમાર્થી વિદ્યાર્થીઓને સર્ટીફીકેટ મેડલ્સ અને મોમેન્ટો અર્પણ કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

આ તમામ તાલીમાર્થી વિદ્યાર્થીઓને ભરતનાટય શકુંતલા ઓઝા-દિવ્યા પંડયા, શાસ્ત્રીય ગાયન સૌરભભાઈ પટેલ, જીજ્ઞેશ શુકલા, લોપા મુદ્રાબેન, કથક-હાર્દિક શુકલા, કરાટે-સેનસાઈ સેલ્વાકુમાર, ગોકુલ, બાબુ ઠાકોર, બ્યુટીપાર્લર-સોનિયાબેન વ્યાસ, સ્કેટીંગ-વસીમ મનસુરી અને વિનય બોડાત-વેર્સ્ટન ડાન્સ-જયદીપ ઉપલા અને ડાયના ગજ્જર સહિતના વિવિધ કલાના શિક્ષકો દ્વારા તાલીમ આપવામાં આવે છે.

આ કાર્યક્રમમાં કડી સર્વ વિદ્યાલયના ડીન ફેકલ્ટી ઓફ એજયુકેશનના વીણાબેન પટેલ, જે.બી. પ્રાથમિક શાળાના આચાર્યા નિવાબેન પટેલ, એમ.બી.પટેલ કન્યા શાળાના આચાર્યા નીરૂબેન પટેલ, એમ.બી. પટેલ સેકન્ડરી અને હાયર સેકન્ડરીના આચાર્ય અર્પિતભાઈ ક્રિશ્ચિયન, ઈંગ્લીશ મીડીયમ બાલમંદિરના આચાર્યા દિપાલીબેન જોષી તેમજ લલિતકલા એકેડેમીના સંચાલિકા દિનાબેન ડોડીયા ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે અનિતા વસિતાએ આભારવિધિ કરી હતી.

એસ.ઓ.જી.ની ટીમે વધુ બે વોન્ટેડ આરોપીઓ પકડી પાડયા

દહેગામ પોલીસ સ્ટેશનના અલગ અલગ ગુનામાં બંને નાસતા ફરતા હતા

ગાંધીનગર, તા.૨૯

રેન્જ આઈજીપીની સુચનાથી નાસતા ફરતા આરોપીઓને પકડવા સ્પેશિયલ ડ્રાઈવ ચાલી રહી છે ત્યારે ગાંધીનગર એસઓજીની ટીમે વધુ બે વોન્ટેડ આરોપીઓની ધરપકડ કરી લીધી છે. બંને આરોપીઓ દહેગામ પોલીસ સ્ટેશનના અલગ અલગ ગુનામાં નાસતા ફરતા હતા. બંનેની ધરપકડ કરીને દહેગામ પોલીસને સોંપવામાં આવ્યા છે.

એસઓજી પી.આઈ. પરાગ ચૌહાણની સુચનાથી પીએસઆઈ મેહુલ ચૌહાણ તથા તેમની ટીમે વધુ બે નાસતા ફરતા આરોપીઓને પકડી પાડયા છે. દહેગામ પોલીસ સ્ટેશનના વર્ષ ૨૦૧૪માં નોંધાયેલા આઈપીસીની કલમ ૪૬૫, ૪૬૭ હેછળના ગુનામાં છેલ્લા દોઢ વર્ષથી વોન્ટેડ પ્રેમજી માવજી પટેલ રહે. ધનસુરા, અરવલ્લીને શોધી કાઢી તેની અટકાયત કરી લીધી છે. તે ઉપરાંત દહેગામમાં વર્ષ ૨૦૧૫માં નોંધાયેલા આઈપીસી કલમ ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૧૮૬, ૩૦૭, ૩૪૨, ૩૬૫, ૩૯૭, ૪૦૬ (૨) તથા એટ્રોસીટીના ગુનામાં વોન્ટેડ આરોપી બંસી ગાભા દેવીપુજક રહે. વટવા, દહેગામને પણ શોધી કાઢીને તેની અટકાયત કરી લીધી છે. બંને પકડાયેલા વોન્ટેડ આરોપીઓને દહેગામ પોલીસને સોંપવામાં આવ્યા છે.

સંસ્કૃતિકુંજમાં યુવાનોને સેલ્ફીનો ક્રેઝ

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર નજીક સાબરમતી નદીના કિનારે સંસ્કૃતિકુંજ વસંતોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ વસંતોત્સવમાં વિવિધ રાજયના કલાકારો અલગ અલગ નૃત્યો રજુ કરે છે. નગરજનો મોટીસંખ્યામાં વસંતોત્સવ નિહાળવા જતા બપોરથી સંસ્કૃતિ કુંજ ખાતે ભારે ભીડ ઉમટી પડે છે. સંસ્કૃતિકુંજમાં વિવિધ રાજયોના સ્ટોલ લાગેલા છે. નગરના જ માર્ગ પર નદીના કોતરોમાં સુંદર રોશનીથી ઝગમગી ઉઠયા છે. ત્યારે ગાંધીનગરના યુવાનોમાં વસંતોત્સવમાં વિવિધ નૃત્યો નિહાળવાના બદલે મિત્રો સાથે સેલ્ફી ખેંચવા માટે પડાપડી કરતા નજરે પડે છે.

ગાંધીનગરના ગોંદરે પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ સરકારી તંત્ર દ્વારા સંસ્કૃતિ કુંજ ખાતે વસંતોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. નાગરિકો મોટીસંખ્યામાં

સાંજના સુમારે યોજાતા વિવિધ રાજયના લોકનૃત્યો નિહાળતા હોય છે તેમજ હેન્ડીકાફટની ચીજવસ્તુઓની ખરીદી કરતા હોય છે. રવિવારના રોજ વસંતોત્સવમાં માનવ મહેરામણ ઉમટયો હતો. જ માર્ગ પરની બંન્ને બાજુ બે કિલોમીટર સુધી ગાડીઓની લાબી લાઈનો કતારો સર્જાઈ હતી. વસંતોત્સવમાં જ અંદર પ્રવેશ કરતા વિસરતી જતી સંસ્કૃતિ ભવાઈ કલાકારો દ્વારા રજુ કરવામાં આવે છે. ત્યારબાદ ફુવારો અને બળદગાડાનું દ્રશ્ય જોઈ લોકો મંત્રમુગ્ધ બની જાય છે. સાબરમતિ નદીના કિનારે રાત્રીના સમયે રોશનીથી ઝળહળતું સંસ્કૃતિકુંજનું વસંતોત્સવ નગરજનોમાં ફેવરીટ બન્યું છે. નગરના યુવાધન વસંતોત્સવમાં વિવિધ રાજયોના કલાકારોના નૃત્ય સાથેની સેલ્ફી લેવાનો જબરદસ્ત ક્રેઝ જોવા મળ્યો છે. સંસ્કૃતિકુંજ ખાતે વિવિવધ રાજયના ૧૦૦ થી વધુ સ્ટોલ લાગેલા છે. જેમાં હેન્ડીકાફટ સહિતની ઘર સજાવટની અદભુત ચીજવસ્તુનો ખજાનો છે આ દુકાનો આગળ પોતાની સેલ્ફી ફેંચવાનું યુવાનો ચુકતા નથી. પોતાના મિત્રો અને પરિવાર સાથે આવેલા નાગરિકો ભીડમાં પણ સેલ્ફી લેવાનું ચુકતા નથી તો કેટલાક યુવાનો કોતરોમાં ઉપર બેઠા હોવાથી સેલ્ફી લેવાનું ક્યારેક ઝોખમી બની શકે છે. છતા પણ કોઈપણ જાતની પરવા કર્યા વિના સેલ્ફી લેતા નજરે પડે છે. ગાંધીનગરના યુવાનોમાં અત્યારે હાલ સેલ્ફીમાં સંસ્કૃતિ કુંજ ખાતે આવેલું વસંતોત્સવ છવાયેલું છે.

વન વિભાગના ફેન્સીંગના થાંભલામાં વિવાદ

ઉપયોગ પહેલા જ અનેક તકલાદી થાંભલાઓ તુટી પડયા, પ્રજાના નાણાંની બરબાદીના વરવા દેશ્યો, બિનજરૂરી આ પ્રવૃત્તિથી ગંદકી સર્જાઈ

ગાંધીનગર, તા.૨૯

સરકારી તંત્ર દ્વારા વર્ષનો લક્ષાંક પુર્ણ કરવા આડેધડ લેવાતા નિર્ણયો પ્રજાજનોમાં મશ્કરી સમાન બન્યા છે. જેમાં વળી આ કામ એકદમ નિમ્નકક્ષાનું કરીને ટીકા પાત્ર પણ બને છે. તેવું જ જંગલ ખાતાએ એકદમ નિર્ણય લઈ ફુટપાથના સમાંતર જગ્યાઓમાં ફેન્સીંગ કરી વૃક્ષો રોપવાનો બિન જરૂરી વિવાદ ઉભો કર્યો છે. શરૂ થયેલા આ કામમાં કરેલા ખાડાઓ ગંદકી ફેલાવી રહ્યા છે તો બીજી તરફ તંત્ર એ ફેન્સીંગ માટે ખડકેલા તકલાદી થાંભલાઓ ઉપયોગ પહેલાં જ તુટી જવા લાગતા ભ્રષ્ટાચારની આશંકા સેવાઈ રહી છે. માર્ચ પહેલાં હિસાબો સરભર કરવા જ આ જરૂરી નથી તેવી પ્રવૃત્તિ શરૂ કરી હોવાના આક્ષેપ થઈ રહ્યા છે અને તંત્રના નિર્ણયને વખોડાઈ રહ્યો છે.

જંગલખાતાના ફેન્સીંગ કરી વૃક્ષો રોપવાના નિર્ણયથી અનેક અડચણો પેદા થવાની શકયતાઓથી શહેરના એક કોર્પોરેટરે તંત્રને રજુઆત કરી આ પ્રવૃત્તિ બંધ કરવા જણાવેલ હતું. પરંતુ વર્ષાન્તેનો લક્ષાંક પૂર્ણ કરવા અને નાણાંકીય હિસાબો સરભર કરવા જ આ નિર્ણય ઉપર તંત્ર અડગ હોવાનું સ્થાનિક રહીશો આક્ષેપ કરી રહ્યા છે. તંત્ર એ કરેલ ખાડાઓમાં કચરો ઠલવાઈને ગંદકીના ઢગ જામ્યા છે તો રાત્રી દરમિયાન આ ખાડાઓમાં અજાણતા જ પડેલા અનેક નગરજનો ઈજાગ્રસ્ત બન્યા છે. ફુટપાથની સમાંતર અને દુકાનો, સોસાયટીઓમાંથી બહાર

(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

નીકળવાના માર્ગે જ આવા ખાડા કરી દઈ તંત્રએ નગરજનોને રીતસર બાનમાં લીધા હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

આ ખાડાઓમાં ઉભા કરવાના થાંભલા તંત્રએ ખડકી દીધા છે ત્યારે તંત્રની પોલ પણ આ થાંભલાઓએ જ ખોલી નાંખી છે ખડકાયેલા થાંભલાઓમાં મોટી સંખ્યામાં થાંભલા તકલાદી હોવાથી તુટી પડયા છે. ફુટપાથ ઉપરથી પસાર થતા અનેક લોકો તંત્રનો આ નરી આંખે દેખાતો ભ્રષ્ટાચાર જોઈ ફિટકાર વરસાવી રહ્યા છે. પ્રજાના નાણાંની સરેઆમ થતી બરબાદીના વરવા દેશ્યો જોઈ તંત્રની આ કામગીરીની વિઝિલન્સ તપાસની માંગ પણ ઉઠવા પામી છે. સુંદર અને સ્વચ્છ નગરને જાણે કે કદરૂપુ કરવા જ આ પ્રકારની પ્રવૃત્તિ હાથ ધરાઈ હોવાનું લોકો જણાવી રહ્યા છે. ખાડાઓ અને તુટેલા ફુટેલા થાંભલાઓથી શહેરના દેશ્યો બડોળ બન્યા છે. વધુમાં કેટલાક વેપારીઓએ વ્હાલા દવલાની નિતીથી આ કામગીરી થતી હોવાનો પણ આક્ષેપ કર્યો છે. તંત્રએ આ જરૂર નથી તેવી પ્રવૃત્તિ બંધ કરી નગરને સ્માર્ટ સીટી તરફ લઈ જવાના પ્રયાસો કરવા જોઈએ તેવું લોકો જણાવી રહ્યા છે.

પૂર્વ મુખ્ય સચિવશ્રી પાંડિયનને શુભેચ્છા વ્યકત કરતા વસાહત મંડળો

ગાંધીનગર, તા.૨૯

ગુજરાત રાજયના પૂર્વ મુખ્ય સચિવ શ્રી ડી.જે. પાંડિયનની પસંદગી એશિયન ઈન્ફ્રાસ્ટ્રકચર ઈન્વેસ્ટમેન્ટ બેંકના ઉપાધ્યક્ષ અને સીઈઓ તરીકે થતાં તેઓને શુભેચ્છા વ્યકત કરવા ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પ્રમુખશ્રી અરૂણ બુચના અધ્યક્ષ સ્થાને શહેરના તમામ વસાહત મંડળોના પદાધિકારીઓ તથા મહામંડળના પદાધિકારીઓની ઉપસ્થિતિમાં સમારોહ યોજવામાં આવ્યો હતો. તમામ વસાહત મંડળો તથા ગાંધીનગર શહેર વસાહત મહામંડળ વતી શ્રી અરૂણ બુચે શ્રી પાંડયનને શાલ ઓઢાડી, પુષ્પમાળા અર્પણ કરી સ્મૃતિચિન્હ અર્પણ કરી શ્રી પાંડયનને શુભેચ્છાઓ પાઠવી હતી. અને ગાંધીનગરના ઘરવપરાશના બળતણ સમો ગેસ પુરો પાડવામાં શ્રી પાંડયનના યોગદાનને બિરદાવવામાં આવ્યો હતો.

આ પ્રસંગે શ્રી એમ.સી. નાયક, શ્રી બી.એ. શુકલ, શ્રી દિનેશસિંહ ચાવડા, શ્રી મયુરભાઈ વ્યાસ, કશ્યપ મહેતા, નિલેન્દુ વોરા, સુનીલ શાહ, ચંદુજી ઠાકોર, અમરીશ ઓઝા સહીત ગુડા વિસ્તારના આગેવાનો પ્રદીપ સોલંકી, નિલેશ ગાંધી સહિત મોટી સંખ્યામાં પદાધિકારીઓએ શુભેચ્છા વ્યકત કરી હતી. શ્રી બી.એ. શુકલ, શ્રી એમ.સી. નાયક, મયુરભાઈ વ્યાસે શાબ્દિક શુભેચ્છાઓ વ્યકત કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સુધીર દેસાઈ અને કિશોર જીકાદરાએ કર્યું હતું.

ચિરવિદાય

● સ્વ. ચીમનભાઈ શિવાભાઈ પ્રજાપતિ, ઉ.વ. ૭૦